# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

પ્રજા મરે કે તંત્ર, સાહેબશ્રી ને ગમવું ખપે!
જોખમી ડોમમાં પ્રદર્શન ધમ-ધમવું ખપે!
રમવું ગ્રાંટમાં ને એમાંથી પણ જમવું ખપે!
પણ, કેન્દ્રનું ત્રાજવું આ તરફ નમવું ખપે!!

## હાઈકુ

જાતિ ન ધર્મ
આતંકીઓ હોય છે
કઠોર હૃદયી

કેનાલો નહીં -
પણ બે દિવસમાં -
બાંધે બંગલા!

## ચિંતન

**મિત્ર સ્વજન બંધુનાં બુદ્ધે ધૈર્યસ્ય ચાત્મનઃ । આપત્તિન્ન કષપાષાણે નરો જાનાતિ સારતામ્ ॥**

'મિત્રો, સ્વજનો, બંધુઓ, પોતાની બુદ્ધિ અને પોતાની ધીરજ આ બધામાં કેટલું સત્ય અને સત્વ છે એ તો માણસને જયારે આપત્તિ આવી પડે ત્યારના કપરાકાળમાં જ એ બધાંની કસોટીરૂપ પથ્થર પર જ ચકાસણી-ખાતરી થાય છે.'

રામચરિત માનસમાં એક ચોપાઇ છે :

'ધીરજ-ધર્મ-મિત્ર અરૂ નારી, આપદકાલ પરિખેઉ ચારી' એવી જ રીતે આ શ્લોકમાં

- મિત્રની કસોટી આપત્તિ-મુશ્કેલીના સમયમાં એનો સાથ-સહકાર કેવો છે એની ખબર પડે છે.
- સગાં-સંબંધીઓ ધનદોલત-સત્તા હોય ત્યાં સુધી તો-મારો ભાઇ, મારો કાકો કરી સંબંધો બતાવે પણ આપત્તિ સમયે બધાં દૂર થઇ જાય છે.
- જે બુદ્ધિમાન બીજા માટે મદદરૂપ થતો હોય તેની બુદ્ધિ પણ કપરા સમયમાં સાથ આપતી નથી.

એટલે આમ જુઓ તો આપત્તિ એ એક કસોટીનો પથ્થર છે જેના પર સાચાં સોનાની તપાસ થઇ જાય છે.

## સુવિચાર

- આજનું કામ આજે જ કરો, બીજા દિવસની રાહ પણ ન જુઓ, કારણ કે 'આજ' એ વિજેતાનો મંત્ર છે, અને 'આવતીકાલ' એ પરાજિતનો પલાયનવાદ છે- **ડો. જીતેન્દ્ર અઢિયા**
- સવાલ : ખરા મોક્ષની વ્યાખ્યા શું?, જવાબ : અહંકારનું મોત એ જ ખરો મોક્ષ- **ધર્મસૂત્ર**
- સંબંધ મહેંકે ત્યાગ અને સમર્પણના ખાતરથી, એ મહેંકે નિઃસ્વાર્થતાની નિર્મળ હવાથી, એ મહેંકે સંબંધ સાચવવાની નેક નિયતથી, એ મહેંકે આપવાની ભાવનાથી.. **- અમૃતબિંદુ**
- સૂક્ષ્મ લાગણી તંતુઓથી વણાયેલા વસ્ત્રની ઉષ્મા કેવી હોય તેનો અનુભવ જેણે માણ્યો હોય તેને જ સમજાય **- એસ. ભટ્ટાચાર્ય**
- હૃદયના દ્વાર પર કોઇ કોલબેલ હોતો નથી, એ તો સ્વીચ દબાવ્યા વિના જ કોઇના આગમનના ધબકારા સાંભળી જાય છે **- મોરારિ બાપુ**
- બાપ એ ઘરનું મસ્તિષ્ક છે - ને મા એ ઘરનું ધબકતું હૃદય છે, મા-બાપ એ તો ગૃહમંદિરનાં ભગવાન (જીવતા જાગતા ભગવાન) છે. **- ઓશો**
- સાંકડું હૃદય અને ઉચ્ચ સંસ્કાર એક સાથે નથી રહી શકતા **- જ્ઞાનસૂત્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

'ઘડિયાળ' જીવનમાં ખૂબ જ ઉપયોગી છે. ક્ષણે-ક્ષણે પસાર થતા કાળનું ભાન કરાવે - સમયસર રહેવાની જાગૃતિ આપે, ઉઠાડે-સૂવડાવે, કયારેક હાશકારો તો કયારેક ચિંતા કરાવી દે છે. વિનાબાજીની દૃષ્ટિએ ઘડિયાળ :

ઘડિયાળનો આ સેકંડ કાંટો મારા ગ્રામદાન માટેના જાગૃત-નિષ્ઠાવાન કાર્યકર જેવો છે સતત ચાલ્યા જ કરે રાત-દિવસ-નિંદ્રામાં પણ એક જ ભક્તિ - ચાલ! પ્રવૃત્તિ રહે..

ઘડિયાળનો બીજો કાંટો 'જનતા' જેવો છે - પેલો નિષ્ઠાવાન કાર્યકર, પોતાના ધ્યેયનું આખું ચક્કર પુરું કરે ત્યારે જનતા-મિનિટ કાંટો માંડ - એક બિંદુથી બીજા બિંદુ સુધી ખસે - એક પગલું માંડ ચાલે!

- ને ત્રીજો કાંટો કલાક કાંટો 'સરકાર' છે. કાર્યકર બિચારો રાત-દિવસ પરિશ્રમ કરે પછી જનતાનો થોડો ઘણો સહકાર મળે અને મિનિટ કાંટો આખું ચક્કર પુરું કરે ત્યારે સરકાર માંડ થોડીક આગળ ચાલે!

વિનોબાજીની 'ઘડિયાળ' માટેની આજની પરિસ્થિતિ પણ કેટલી સહજ અને સાચી છે?!

Email - sureshchandrabhatt18@gmail.com

# તમે શું માનો છો : ઈશ્વર હશે કે નહિ હોય?

## રોહિતોપદેશ

- રોહિત શાહ

ઇશ્વરના અસ્તિત્વ વિશે મારા મનમાં બે સ્પષ્ટ વિચાર-ખ્યાલ છે. પ્રથમ ખ્યાલ એ છે કે જગતમાં ઇશ્વર-બિશ્વર જેવું કશું છે જ નહિ. ઇશ્વરના હોવા અંગેની તમામ આર્ગ્યુમેન્ટ્સ બોગસ અને બકવાસ છે. બીજો ખ્યાલ એવો છે કે કદાચ ઇશ્વર હોય તો પણ તેને આપણે જેવો ધારી બેઠા છીએ એવો તો એ ન જ હોય.

ઇશ્વરની આપણી શોધ ઇશ્વરની મૂર્તિ સુધી પહોંચીને સમાપ્ત થઇ ગઇ છે. મૂર્તિ મળી એટલે ઇશ્વર મળી ગયો હોય એમ રાજી-રાજી થઇને આપણે તેની આળપંપાળ કરવા મંડી પડીએ છીએ. શિયાળામાં ઇશ્વરને મૂર્તિને ઊનનાં કપડાં પહેરાવાય છે અને ઉનાળામાં તેને એ.સી.માં રાખવાના પ્રયોગ પણ થાય છે. ઇશ્વરની એક કલ્પના કે નિરંજન-નિરાકાર હોવાની છે. જો એ કલ્પના સાચી હોય તો ઇશ્વરને ઠંડી-ગરમી ન લાગે, ભૂખ પણ ન લાગે. પછી તો છપ્પન ભોગ અને નૈવેદ્ય અને પ્રસાદ બધું બકવાસ બની જાય.

ગરબડિયા ગામના બાવાએ ઇશ્વર વિશે સાવ જ વાહિયાત અને ભ્રામક તસવીર આપણી સમક્ષ પેદા કરી છે. ઇશ્વર એટલે જાણે કે સોટી લઇને આપણને પનિશમેન્ટ કરવા બેઠેલી કોઇ ક્રૂર અને તાનાશાહી મિજાજની વ્યક્તિ ન હોય!

તમે જોયું હશે કે નાસ્તિક માણસોનું ઇશ્વર કશું ઉખાડી નથી શકતો. નાસ્તિક માણસો બિન્દાસ જીવે છે. તેમને કશા નડતર નથી હોતા. તેમની ગ્રહદશા કદી ઊંચી-નીચી નથી થતી. દેવ કે દેવી કદીયે કોઇ નાસ્તિક માણસ પર કોપાયમાન થયાનું સાંભળ્યું નથી. ઊલટાનું જે લોકો ઇશ્વરમાં શ્રદ્ધા રાખે છે તેઓ જ ડગલે ને પગલે દુઃખી થાય છે.

યાત્રાળુઓની બસને વારંવાર એક્સિડન્ટ થયા હોય છે. કદી કોઇ આતંકવાદીના વાહનને એક્સિડન્ટ કેમ નથી થયો? જે ભક્ત ઇષ્ટદેવની પૂજા-અર્ચના કરે છે તેના પર દેવ-દેવી કોપાયમાન થાય છે, પરંતુ જે માણસ કદી કોઇ પણ દેવ-દેવીને નથી સ્વીકારતો તેને કમ કશી આંચ નથી આવતી? આસ્તિક માણસ દરેક પરિસ્થિતિ માટે ઇશ્વર અને ભાગ્યને જવાબદાર માને છે, નાસ્તિક માણસ અનુકૂળ અથવા પ્રતિકુળ તમામ ઘટનાઓને માત્ર જીવનના એક સ્વાભાવિક ક્રમરૂપે જુએ છે. ઇશ્વર હોય તો એ કોઇને દુઃખી થવા દે ખરો? આપણી ગલતીઓ અને આપણા ગુનાઓને માફ કરીનેય એ આપણને સુખ જ આપે ને! આપણને પનિશમેન્ટ આપે એવા ઇશ્વરની આપણને શી જરૂર? મને એવો જ ઇશ્વર ગમે જે મને મારી મરજી મુજબ અને મોજથી જીવવા દે.

કેટલાક લોકો દો-રંગા હોય છે. તેઓ સામાન્ય સંજોગોમાં ઇશ્વરના અસ્તિત્વ વિશે શંકા કરીને નાસ્તિકતાના એક છેડે જઇને બેસે છે, પરંતુ જયારે એમના પર કોઇ આફત ઊતરી પડી હોય ત્યારે એ જ લોકો ઇશ્વર સ્તુતિ કરવા બેસી જાય છે. એવા અધૂરિયા - અણઘડ લોકો કલાકે-કલાકે પોતાના અનુભવો બદલાય તેમ-તેમ ઇશ્વરના અસ્તિત્વ વિશેના પોતાના ખ્યાલો બદલતા રહે છે.

મારો એક મિત્ર લેપટોપ, મોબાઇલ બધું જ વાપરે છે, પણ તેમના જમણા હાથ પર એક - બે રક્ષાપોટલીઓ અવશ્ય બાંધેલી હોય છે. તેમના ગળામાં મંત્રેલા લાલ-કાળા-દોરા-ધાગાય હોય છે. એક વખત તો તે ભાઇએ પોતાના મોબાઇલ પર લાલ દોરો બાંધેલો હતો, બોલો! લાભ વિજ્ઞાનના લેવાના અને યશ અધ્યાત્મને આપવાનો - આ ગદ્દારી ન કહેવાય?

તાજેતરમાં એક સમાચાર વાંચવા મળ્યા કે પોતાના બીમાર સસરાજીની તબિયત સારી થઇ જાય એ માટે ઘરની પુત્રવધૂએ પોતાના માથાના વાળનું મુંડન કરાવવાની બાધા રાખી હતી. આ સમાચાર જેટલા આનંદપ્રેરક છે એટલા જ આઘાતપ્રેરક પણ છે. આનંદપ્રેરક એ માટે કે સમાજમાં સસરા પ્રત્યે આટલો છલોછલ આદરભાવ રાખનારી પુત્રવધુ આજના કહેવાયા કળિયુગમાં પણ છે ખરી! આઘાતપ્રેરક એટલા માટે કે આવા ન્યૂઝ વાંચીને અણઘડ લોકો પોતાના સ્વજનની બીમારી દૂર કરવા માટે પોતાના માથાના વાળ ઊતરાવવા રઘવાયા થવા માંડશે! અંધશ્રદ્ધાનો સેન્સેક્સ આવા ન્યૂઝથી ઓચિંતો વધી જતો હોય છે. લોજિક વગરનાં જુઠાણાંનો પ્રભાવ વ્યાપક અને પ્રબળ પડે છે.

જરાક તો સોચો યાર! આવા વાહિયાત ઉપાયોથી કોઇ વ્યક્તિની બીમારી દૂર થાય ખરી? ઇશ્વર આવી ઊતરેલા વાળની લાંચ લેવાનું પસંદ કરતો હશે ખરો? ઇશ્વર જો કરૂણાનો કરનારો હોય તો એને એના ભક્તોને કરૂણ દશામાં મૂકવાનું ગમે જ નહિ. ઇશ્વરને સુખડી, શ્રીફળ, કંકુ-ચોખા, ઘી-દૂધની વળી શી જરૂર હોય? ઇશ્વર જો કૃપા અને કરૂણા કરતો જ હોય તો આપણી પાસેથી આવી કશી જ અપેક્ષા રાખ્યા વગર જ કરતો હોવો જોઇએ. ઇશ્વરને લાંચ આપવી એ તો એનું ઇન્સલ્ટ કરવા જેવું છે!

પાછા આપણે લોકો કેવા શાણા છીએ! ઇશ્વરને આપણે એવી જ વસ્તુની લાંચ આપવાનું પસંદ કરીએ છીએ કે જેમાં આપણને પીડા બિલકુલ ન થાય અથવા ઓછામાં ઓછી પીડા થાય. વાળ ઉતારવામાં કશી પીડા થતી નથી. વળી થોડા વખતમાં જ ફરીથી નવા વાળ ઊગી જાય છે, એટલે કદરૂપતા કાયમી નથી રહેવાની એવી હૈયાધારણ રહે છે. કોઇ વ્યક્તિ પોતાના દાંત કે પોતાની આંખ ઇશ્વરને અર્પણ કરે છે ખરી? કોઇ વ્યક્તિ પોતાની જીભ કાપીને ઇશ્વરને ભેટ ધરે છે ખરી? અલબત્ત, ઇશ્વરને એવું કશુંય ખપતું નથી. તિરુપતિના મંદિરે જઇને વાળ ઉતારનારા ભક્તોને આ સત્ય સમજાશે?

ચાર-પાંચ વર્ષ પહેલાં ચોમાસામાં વરસાદ નહોતો પડ્યો. લોકો વરસાદની રાહ જોતા હતા. કેટલાક ભગતડા લોકોએ ઉઘરાણાં કરીને વરસાદ આવે એ માટે હોમ-હવન કરાવ્યા, છતાં વરસાદ ન આવ્યો. પછી ઇશ્વરના કોપનાં ડાકલાં વગાડ્યાં, પૃથ્વી પર પાપ વધી ગયાનાં જુઠાણાં ચલાવ્યા. પછીના વર્ષે કશાય હોમ-હવન વગર મબલક વરસાદ વરસ્યો. ગયા વર્ષે પૃથ્વી પર વધી ગયેલાં તમામ પાપ આ વર્ષે એકાએક અલોપ અને શાંત કઇ રીતે થઇ ગયા હશે? તે હવન-ઉત્સાહી ભગતને મેં પુછ્યું, 'આ વર્ષે શું પૃથ્વી પરનાં તમામ પાપ દૂર થઇને પુણ્ય વધી ગયાં છે? હોમ-યજ્ઞ વગર આ વર્ષે આટલો ધોધમાર વરસાદ કેમ વરસ્યો? વળી, વરસાદનું આ પાણી વહી જાય છે અને છેવટે દરિયામાં જઇને ખારું થઇ જાય છે; એને જમીનમાં ઉતારવાનું કે જળસંચયનું કામ તમે કેમ નથી કરતાં? હવન કરતા કરતાં ચેક ડેમ કે જળસંચયના અન્ય પ્રયોગો કરવાનું વધુ જરૂરી છે એવું તમે કેમ નથી સમજતાં?' તે ભાઇ કહે, 'એ તો સરકારનુ ંકામ છે.'

છાશવારે બેન્ડવાજાં સાથે વરઘોડા કઢાવતા અને જાત-જાતની શોભાયાત્રાઓ લઇને નીકળી પડતા 'બાપજીઓ'ને રસ્તા સાફ કરાવવાનું કે સાફ રખાવવાનું કામ કેમ નથી સૂઝતું? ઇશ્વરને વરઘોડા સાથે કદીયે લેવાદેવા હોય ખરી? આ તો બની બેઠેલા ઇશ્વરના એજન્ટોને પોતાના વટ પાડવા છે, પોતે પૂજ્ય અને મહાન છે એવા તરકટ કરવાં છે અને તેવા દંભીઓને ભોટ શ્રીમંતોનાં ટોળા મળી પણ જાય છે. ઇશ્વરના નામે ચાલતા આવા ધતિંગો બંધ કરીએ તો ઇશ્વર સ્વયં (જો હશે તો) રાજી થઇને બોલી ઊઠશે : 'નો પ્રોબ્લેમ.'

# ગુમ થયેલા બાળકોના કિસ્સામાં ફરીયાદીના મૃત્યુના કારણે કેસ બંધ ના થાય : હાઈકોર્ટ

## વાત કાનૂન કાયદાની...



- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

કાયદાકિય રીતે કોઈપણ ફરીયાદી મૃત્યુ પામે ત્યારે તેની સાથે તેની ફરીયાદનું કે તેણે માંગેલી દાદનું અસ્તીત્વ રહેતું નથી જો કે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરેલ ૨૦૦૮ ની એક પીટીશનમાં પૌત્રને શોધવા દાદાએ કરેલ પીટીશન દરમ્યાન દાદાનું અવસાન થતા હાઈકોર્ટે જણાવેલ કે દાદાના મૃત્યુ થતા પૌત્રને શોધવા કરેલ ફરીયાદનું શું ? હાઈકોર્ટે જણાવેલ ફરીયાદીના મૃત્યુથી આ કેસ બંધ કરવાના પક્ષમાં હાઈકોર્ટ નથી કોર્ટે સદર કેસમાં આસીસ્ટન્ટ પોલીસ કમિશ્નરશ્રીને ૨૩/૧૨ સુધીમાં જવાબ રજુ કરવા આદેશ આપેલ છે.

સદર કેસમાં સંપૂર્ણપણે ન્યાયના હિતમાં અને લોકોને ન્યાયમાં વિશ્વાસ ટરી રહે તે માટે હાઈકોર્ટે આ કેસમાં વધુ તપાસ કરી અહેવાલ રજૂ કરવા પોલીસને આદેશ જારી કર્યા છે.

સદર કેસની વિગતો જોતા પરસોત્તમ પટેલે ૧૩/૧૦/૨૦૧૪ ના રોજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવેલ કે પોતાનો પૌત્ર સૂરજ અનિલભાઈ પટેલ અચાનક ગુમ થયેલ છે પરસોત્તમભાઈ એન.આર.આઈ હતા તેમનો પૌત્ર સૂરજનો પણ ૧૯૯૦ માં લંડન ખાતે જન્મ થયો હતો પરંતુ ભણવા માટે ભારત દાદા પાસે આવેલ હતો અને વડોદરા ખાતે ભણતો હતો તેણે ધોરણ-૧૦ પણ ગુજરાતમાં જ પાસ કરેલ ગુમ થયો ત્યારે સૂરજ ધોરણ-૧૨ માં અભ્યાસ કરતો હતો પોલીસે જે તે સમયે તપાસ કરી બે વ્યકિતના જવાબ લઈ લાઈવ ડિટેકટીવ ટેસ્ટ પણ કર્યા હતા પરંતુ તેમાં પોલીસને સૂરજને શોધવામાં પૂરતી સફળતા ના મળતા અને શંકાસ્પદ એક પણ વ્યકિતને પોલીસે આજદિન સુધી શોધી જવાબ લઈ શકી ન હતી જયારે જે શંકાસ્પદ વ્યકિત હાલમાં લંડનમાં હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે તે શંકાસ્પદ વ્યકિતને લંડનથી ભારત લાવવામાં પોલીસ નિષ્ફળ જતા સૂરજના દાદાએ નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૮ માં દ્વાર ખટખટાવી ફરીયાદ દાખલ કરતા હાલમાં સૂરજના દાદાનું અવસાન થયેલ તેવા સંજોગોમાં હાઈકોર્ટમાં પક્ષ પ્રશ્ન ઉપસ્થિત થયેલ કે સદર ફરીયાદીના મૃત્યુના કારણે બંધ કરવો કે ગુમ થનાર વ્યકિતની શોધખોળ પોલીસ દ્વારા થયેલ કામનો રીપોર્ટ આસીસ્ટન્ટ કમિશ્નરશ્રીને આદેશ કરી જણાવવું સદર કેસમાં ફરીયાદીના મૃત્યુના કારણે કેસ ઉપર કે ફરીયાદમાં માંગેલ દાદ ઉપર કોઈ જ અસર પડતી નથી પોલીસ તપાસનો યોગ્ય આદેશ જે તે સમયે આપવો જોઈતો હતો પરંતુ તેમ થયેલ નથી ગુમશુદા સૂરજના મોબાઈલ ફોનનું છેલ્લું લોકેશન પાવાગઢની તળેટી દર્શાવતું હતું ત્યાં પણ પોલીસે પૂરતી તપાસ જે તે સમયે કરેલ નથી કે બિનવારસી લાશની ઓળખ શુધ્ધા કે વેરીફિકેશન કરેલ નથી ગુમ થનાર વ્યકિતનો મોબાઈલ તેના મિત્ર પાસેથી મળતા સૂરજના મિત્રને પોલીસે લાઈવ ડિટેકટીવ ટેસ્ટ કરાવેલ પરંતુ તેમાં કોઈ જ તથ્ય નિકળેલ નહિ કે મિત્રને આરોપી તરીકે લેવામાં આવેલ નહિ.

દેશમાં દર આઠ મિનીટે ૧ બાળક ગુમ થાય છે, દેશભરમાં સને ૨૦૧૩ માં ૧.૩૫ લાખ બાળકો ગુમ થયા છે જેમાંથી ગુજરાત રાજયમાં છેલ્લા ૧૦ વર્ષમાં ખૂબ મોટી સંખ્યામાં બાળકો ગુમ થયા છે. ૨૦૦૭ થી ૨૦૧૩ સુધીમાં માત્ર અમદાવાદ શહેરમાંથી ગુમ થયેલ વ્યકિતઓની સંખ્યા ૨૩૧ જેટલી છે જેમાં ૧૨૬ જેટલા બાળકો જ છે જેના ફોટોગ્રાફ શુધ્ધા પોલીસ પાસે નથી. આ ગુમશુદા બાળકોની કોઈ જ તપાસ કે ભાળ પોલીસ મેળવી શકી નથી કે જયારે તપાસને યોગ્ય દિશામાં લઈ જવા ગુમશુદા વ્યકિતને શોધવા અલગ સેલની રચના માત્ર કાગળ ઉપર જ રહેવા પામેલ છે. એક અહેવાલ મુજબ શકમંદનો સ્કેચ બનાવવા માટે પણ ફંડ નથી જો ગુમ થયેલી વ્યકિતનો ફોટોગ્રાફ ના હોય તો સ્કેચ બનાવવો પણ મુશ્કેલ બને છે જયારે ગુમ થતા બાળકોમાંથી ૪૦ ટકા બાળકોની કદી પણ ભાળ મળતી નથી. આ કેસમાં ફરીયાદ કરનાર જ મૃત્યુ પામે ત્યારે પોલીસ દ્વારા આવી તપાસ સમયાંતરે બંધ કરી સી સમરીની ચાર્જશીટ ફાઈલ કરવામાં આવે છે સદર કેસના સંજોગો જોતા હવેથી ગુમશુદા વ્યકિતની તપાસ પોલીસ દ્વારા કરવામાં ના આવે અને તેવા સંજોગોમાં ફરીયાદીનું કુદરતી કે આસ્મીક મૃત્યુ થાય તો પણ પોલીસ આવી ફરીયાદ પૂરતી તપાસ બંધ કરી શકશે નહી.


આ કેસ બંધ કરવા માટે કહી શકાય નહી તેવુ તારણ કાઢી હાઈકોર્ટે પોલીસને તપાસ માટે થોડો વધારે સમય આપી નકકર પરિણામ રજુ કરવા માટે ન્યાયના હિતમાં કોર્ટે આદેશ કરેલ છે જેનાથી ગુમ થયેલા બાળકોના વાલીઓની ફરીયાદોમાં પણ આશાનું કિરણ જોવા મળ્યું છે.

**નોંધ :**

કાયદાની વધુ જાણકારી માટે તથા વાચકોના લાભાર્થે વેબસાઈટ **www.ashvintrivedi.com** જોવા વિનંતી.

# હવે, ગીતાને રાષ્ટ્રીય ગ્રંથ જાહેર કરવામાં વિલંબ શા માટે?

શ્રીમદ્ ભગવદ્ ગીતાને ૨જી નવેમ્બર, ૨૦૧૪ના દિવસે ૫૧૫૧ વર્ષ પૂરાં થયા. એ નિમિત્તે દેશભરમાં જુદા જુદા પ્રદેશોમાં તેની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી. કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર ભગવાન કૃષ્ણે અર્જુનને અઢાર અધ્યાય અને સાતસો શ્લોકોમાં ગીતાનો ઉપદેશ આપ્યો હતો. તેથી હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે આખું વર્ષ ગીતાજયંતિ તરીકે ઉજવવાનું નક્કી કર્યું. દિલ્હીમાં પણ ગીતા જયંતિ સપ્તાહ ઉજવવામાં આવ્યું. તેમાં દેશના સંતો, મહંતો અને વિદ્વાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ગીતાનો મહિમા ગાયો. તે પ્રસંગે કેન્દ્રમાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે કહ્યું કે, શ્રીમદ્ ભગવદ ગીતાને રાષ્ટ્રીયગ્રંથ તરીકે પ્રસ્થાપિત કરી ઉજવણી કરવી જોઇએ. તેમના આ વિધાનને વધાવી લેવાને બદલે દેશમાં કેટલાક લોકોને તેને રાજકીય રંગ આપવાનો પ્રયત્ન કર્યો. અને વિવાદો ઊભા કર્યા. આપણે એ વિવાદોમાં પડવું નથી. એક વાત સત્ય છે કે ગીતાના જ્ઞાન અને વિજ્ઞાનમાં એવી ક્ષમતા છે કે તેના દ્વારા આધુનિક ટેકનોલોજીથી તેના જ્ઞાનને ઘેર ઘેર પહોંચાડીને પ્રદૂષણ, પર્યાવરણ, આતંકવાદ, સાંપ્રદાયિકતા, જાતિવાદ, સંઘરાખોરી, બળાત્કાર અને ભ્રષ્ટાચાર જેવાં રાષ્ટ્રવ્યાપી અને વિશ્વવ્યાપી દુષણોનો અંત લાવી શકાય.




આપણા સમાજ કે દેશનું એ દુર્ભાગ્ય રહ્યું છે કે તેનાં રત્નોને ઓળખવામાં અને તેનો મહિમા કરવામાં આપણે વિલંબ કર્યો છે. જયારે વિદેશની ધરતીમાંથી અવાજ આવે ત્યારે આપણે જાગીએ છીએ. આપણા ગ્રંથ રત્નોની બાબતમાં પણ આવી ઉપેક્ષા કે સંવેદનશીલતા જોવા મળે છે.

ગીતાનો મહિમા અપાર છે. વિશ્વની જુદી જુદી ૬૯ ભાષાઓમાં ગીતાનો અનુવાદ થયો છે. શ્રીમદ્ શંકરાચાર્યથી અગડાનંદ સુધીના આચાર્યોએ ગીતા પર ભાષ્યો લખીને ગીતાના ભિન્ન ભિન્ન મતો કે સિદ્ધાંતોનું પ્રતિપાદન કરેલું છે. મહાત્મા ગાંધી, લોકમાન્ય તિલક, ડો. રાધાકૃષ્ણન, વિનોભા ભાવે તેમજ કિશોરલાલ મશરૂવાળા જેવા મહાપુરૂષો અને આધુનિક વિદ્વાનોએ પોતપોતાના ગ્રંથોમાં ગીતાનો મહિમા ગાયો છે અને તેના રહસ્યને પ્રકાશિત કરવાનો પ્રયાસ કર્યો છે. પ્રસ્થાન ત્રયી - બ્રહ્મસૂત્રો, ઉપનિષદો અને ગીતા - માં ભગવદ્ ગીતાનું સ્થાન અનન્ય છે. ભારતીય તત્ત્વજ્ઞાનના એ પ્રમુખ ગ્રંથોમાં ગીતાને તત્વજ્ઞાનના ગહન સિદ્ધાંતોને સરલ અને સંવાદાત્મક શૈલીથી પ્રતિપાદિત કરી લોકભોગ્ય બનાવ્યા છે. તેમાં કર્મ, જ્ઞાન અને ભક્તિનો ઉપદેશ આપીને ભિન્ન ભિન્ન સાંપ્રદાયિક સિદ્ધાંતો, મતમતાંતરો તેમજ બૌદ્ધિક વાદવિવાદોનો સમન્વય કરીને 'નિષ્કામકર્મયોગ' ની વિશ્વને અમૂલ્ય ભેટ આપી છે, તેના દ્વારા વ્યક્તિ, સમાજ ને વિશ્વને સુખી અને સમૃદ્ધ કરવાનું આવાહ્ન કર્યુ છે. સુખી થવાનો અને સમાજને સુખી કરવાનો આ રાજમાર્ગ છે. તેમાં સંપ્રદાય, જાતિ, પ્રદેશ કે લિંગભેદન કોઇ સ્થાન નથી. તેનું જ્ઞાન સાર્વજનિક, સર્વકાલિન અને અલૌકિક છે. ભગવાન કૃષ્ણે સ્વયં ૧૮મા અધ્યાયમાં ૬૯થી ૭૧ શ્લોકોમાં ગીતાના જ્ઞાનને 'ગૂઢ-રહસ્યયુક્ત' કહ્યું છે, અને અર્જુન સાથેના તેમના સંવાદને 'ધાર્મિક' સંવાદ કર્યો છે, તેનો ઉપદેશ, અધ્યયન કે શ્રવણ કરનારની પણ સદ્ગતિ થાય છે.

ગીતામાં માત્ર તત્ત્વજ્ઞાનની જ ચર્ચા છે એવું નથી. તે વ્યાવહારિક જીવનમાં પણ ઉપયોગી છે. ગીતા માતાની જેમ તેના ભક્તની સંભાળ લે છે. મિત્રની જેમ મુશ્કેલીમાં મદદ કરે છે અને સન્માર્ગે દોરે છે. પિતાની જેમ ધર્મકાર્યમાં જોડે છે. તે જ્ઞાન-અજ્ઞાન, પાપ-પુણ્ય, ધર્મ-અધર્મ, નીતિ-અનીતિની વ્યાખ્યા કરી અજ્ઞાનીને જ્ઞાન તરફ, પાપીને પુણ્ય તરફ, અધર્મીને ધર્મ તરફ, અનીતિ કરનારને નીતિનાં માર્ગે વાળે છે. તેને સ્થિતપ્રજ્ઞ, ગુણાતીત, જ્ઞાની, ભગવદ્ભક્ત તેમજ દૈવી સંપત્તિવાળો થયાની પ્રેરણા આપે છે. આમ ગીતા એ વ્યક્તિ, સમાજ, દેશ અને સમગ્ર વિશ્વને સન્માર્ગે દોરી સૌનું કલ્યાણ કરનારો ગ્રંથ છે. તેની ઉપેક્ષાઆ કરીને આપણે આપણું જ નહિ સમગ્ર માનવજાતનું અહિત કરીએ છીએ. સૂર્યની શક્તિ વિશે વિવાદ ન હોય, તેમાંથી જેટલો લાભ મળે તે લેવામાં જ શાણપણ છે. હજારો વર્ષોથી જેણે સમાજ અને રાષ્ટ્ર જીવનને પોતાના જ્ઞાનના પ્રકાશથી અનુપ્રાણીત કર્યું છે, તેવી શ્રી ભગવદ્ ગીતાને 'રાષ્ટ્રીય ગ્રંથ' તરીકે ઘોષિત કરવામાં વિલંબ કેવો?

- પ્રો. ડો. અંબાલાલ પ્રજાપતિ